# બેટ દ્વારકામાં સરકારી-ગૌચર જમીન પર દબાણ અંગે બે ટ્રસ્ટીઓ પાસે મંગાયા માલિકીના પુરાવા

## હેમંતસિંહ વાઢેર અને પ્રમોદભાઈ ભટ્ટને દિવસ ૭માં જમીનની માલિકીના પુરાવા રજૂ કરવા ઓખા નગરપાલિકાએ પાઠવી નોટિસ

દ્વારકા : યાત્રાધામ બેટ દ્વારકામાં સરકારી તથા ગૌચર જમીન પર કથિત દબાણ અંગે ઉચ્ચકક્ષાએ થયેલી ફરિયાદ બાદ તંત્ર દ્વારા તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાની ચર્ચા વચ્ચે હવે સમગ્ર મામલો વધુ ગંભીર બન્યો છે.

આ મામલે ઓખા નગરપાલિકા દ્વારા બેટ દ્વારકાના આગેવાનો હેમંતસિંહ વાઢેર અને પ્રમોદભાઈ ભટ્ટ ને અલગ-અલગ પત્રો પાઠવી તેમની મિલકત અંગેના આધાર-પુરાવા રજૂ કરવા જણાવાયું છે. બંને વ્યક્તિઓ બેટ-દ્વારકા દ્વારકાધીશ મંદિર દેવસ્થાન સમિતિ સાથે ટ્રસ્ટી તરીકે જોડાયેલા છે.

નગરપાલિકાના પત્રોમાં બેટ દ્વારકા વિસ્તારમાં સરકારી તથા ગૌચર જમીન અંગે થયેલી ફરિયાદના સંદર્ભમાં સંબંધિત મિલકતના માલિકી હક્કના પુરાવા, જમીન સંબંધિત દસ્તાવેજો તથા બાંધકામ/મંજૂરી સંબંધિત પુરાવા રજૂ કરવા જણાવાયું છે. આથી હવે સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે જે વ્યક્તિઓ ધાર્મિક અને જાહેર મહત્વ ધરાવતા યાત્રાધામની દેવસ્થાન સમિતિમાં ટ્રસ્ટી તરીકે જવાબદારી નિભાવે છે, તેમની પોતાની મિલકત અંગે જો સરકારી અથવા ગૌચર જમીન પર ગેરકાયદેસર દબાણ સાબિત થાય તો તેમના ટ્રસ્ટીપદ અંગે પણ કોઈ કાર્યવાહી થશે કે નહીં?

અહી સ્પષ્ટ કરવું જરૂરી છે કે હાલ માત્ર ફરિયાદ અને તપાસની કાર્યવાહી ચાલી રહી છે. બન્ને વ્યક્તિઓ દોષિત છે એવું કોઈ અંતિમ નિષ્કર્ષ હજુ આવ્યો નથી. સંબંધિત દસ્તાવેજોની તપાસ અને સત્તાવાર તપાસના અંતિમ પરિણામ બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

પરંતુ જો સત્તાવાર તપાસમાં સરકારી કે ગૌચર જમીન પર ગેરકાયદેસર દબાણ થયાનું સાબિત થાય, તો માત્ર દબાણ દૂર કરવાની કાર્યવાહી પૂરતી રહેશે કે નહીં, તે અંગે પણ હવે લોકોમાં ચર્ચા શરૂ થઈ છે. ખાસ કરીને દેવસ્થાન સમિતિના ટ્રસ્ટી તરીકે જાહેર વિશ્વાસ સાથે જોડાયેલા હોદ્દા પર તેમની સ્થિતિ અંગે પણ સંબંધિત સત્તાધિકારીઓએ નિયમો અને કાયદા મુજબ નિર્ણય લેવો જોઈએ તેવી માંગ ઉઠી શકે છે.

બેટ દ્વારકા માત્ર જમીનનો ટુકડો નથી; તે આસ્થા, વારસો અને જાહેર વિશ્વાસ સાથે જોડાયેલું યાત્રાધામ છે. તેથી સરકારી કે ગૌચર જમીન અંગે કોઈપણ પ્રકારના દબાણની ફરિયાદ હોય તો તપાસ પારદર્શક રીતે થાય અને કોઈપણ વ્યક્તિ-તે ગમે તેટલા હોદ્દા પર હોય-કાયદાથી ઉપર ન રહે, એવી લોકોની અપેક્ષા સ્વાભાવિક છે.

હવે જોવાનું એ રહેશે કે ઓખા નગરપાલિકા અને સંબંધિત ઉચ્ચ અધિકારીઓની તપાસમાં શું હકીકત બહાર આવે છે અને જો દબાણ ગેરકાયદેસર સાબિત થાય તો જવાબદાર વ્યક્તિઓ સામે જમીન કાયદા ઉપરાંત દેવસ્થાન સમિતિના ટ્રસ્ટીપદ અંગે પણ નિયમસર કોઈ કાર્યવાહી થાય છે કે નહી. બેટ દ્વારકાની સરકારી અને ગૌચર જમીન મામલે હવે દસ્તાવેજો બોલશે અને તપાસનું પરિણામ જ સત્ય નક્કી કરશે.

# જામનગરમાં બાઈકસવાર બે હેલમેટધારી શખ્સોએ મહિલાનો ચેન આંચકી ફરાર

### બેંક મેનેજર પરિવાર સાથે બાઈકમાં જતી વખતે ઘટના ઘટી



જામનગર : જામનગર શહેરમાં ચેન સ્નેચિંગની વધુ એક ઘટનાએ ચકચાર જગાવી છે. શહેરના ગુરુદ્વારા રોડથી સાત રસ્તા તરફ જતા માર્ગ પર ટુ-વ્હીલર પર સવાર બે હેલમેટધારી શખ્સોએ બેંક મેનેજરની પત્નીના ગળામાંથી સોનાનો ચેન ઝૂંટવી લઈ બંને શખ્સો બાઈક પર ફરાર થઈ ગયા હતા. ઘટનાને પગલે શહેરમાં મહિલાઓની સુરક્ષાને લઈને ચિંતા સાથે ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના કૃષ્ણનગર શેરી નં.૨માં રહેતા સેન્ટ્રલ બેંકના મેનેજર કૌશલભાઈ તલાટી પત્ની પૂજાબેન અને બાળકી સાથે મોલમાં ખરીદી કરવા ગયા હતા. ખરીદી પૂર્ણ કરી પરિવાર ટુ-વ્હીલર પર ઘરે પરત ફરી રહ્યો હતો. તેઓ ગુરુદ્વારા રોડથી સાત રસ્તા તરફ જઈ રહ્યા હતા ત્યારે પાછળથી બાઈક પર સવાર બે અજાણ્યા હેલમેટધારી શખ્સો તેમની નજીક આવ્યા હતા.

બાઈક ચાલકે કૌશલભાઈના ટુ-વ્હીલરની બાજુમાં બાઈક દોડાવી હતી અને પાછળ બેઠેલા શખ્સે પૂજાબેનના ગળામાં પહેરેલો સોનાનો ચેન અચાનક આંચકી લીધો હતો અને બંને શખ્સો પુરઝડપે બાઈક હંકારી ફરાર થઈ ગયા હતા. અચાનક બનેલી ઘટનાથી પૂજાબેન સહિત પરિવાર હેબતાઈ ગયો હતો અને દેકારો થતાં આસપાસના લોકો પણ એકઠા થઈ ગયા હતા.

ઉલ્લેખનીય છે કે, અઠવાડિયા અગાઉ અંબર સિનેમા રોડ પર સ્કૂટરચાલક આધેડને ધમકાવી બે શખ્સોએ રૂ.૬ હજારની લૂંટ કરી હતી. આ ઘટનાના આરોપીઓ હજુ પોલીસ પકડથી દૂર છે ત્યાં ચેન સ્નેચિંગની વધુ એક ઘટના સામે આવતા શહેરમાં રાત્રિના સમયે માર્ગો પર મહિલાઓની સુરક્ષાને લઈને સવાલો ઉઠી રહ્યા છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી સીસીટીવી ફૂટેજના આધારે ચેન સ્નેચરોનું પગેરું મેળવવા કવાયત શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

# ચેલા પાસે બાઈકની આડે ગાય ઉતરતાં કોલેજિયન યુવાનનું મૃત્યુ

### મિત્રને મૂકવા જતી વખતે અકસ્માત સર્જાતા ૨૧ વર્ષીય યુવકનને કાળ આંબી ગયો

જામનગર : જામનગરના દરેડ ગામના એક કોલેજિયન યુવાનનું માર્ગ અકસ્માતમાં કરુણ મૃત્યુ નીપજ્યું હતું. ચેલા ગામથી એસઆરપી કેમ્પ તરફ જવાના માર્ગ પર અચાનક ગાય આડી ઉતરતા મોટરસાઈકલ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ દરેડ ગામે રહેતા અમિત હમીરભાઈ સોલંકી નામનો ૨૧ વર્ષીય યુવાન પોતાના મિત્રો રાહુલ (ઉં.૨૦) અને વિજય (ઉં.૧૯) સાથે હોન્ડા મોટરસાઈકલ નં. જીજે-૧૦-ડીએસ-૭૨૧૦ પર ચેલા વિઝન વિસ્તારમાં મૂકવા જઈ રહ્યા હતા. દરમિયાન ચેલા ગામથી એસઆરપી કેમ્પથી થોડે આગળ રોડ પર અચાનક ગાય આડી ઉતરતા મોટરસાઈકલ ગાય સાથે અથડાઈ હતી.

આ અકસ્મતમાં ત્રણેય યુવકો મોટરસાઈકલ સહિત રોડની ફૂટપાથ સાથે અથડાયા હતા. જેમાં અમિતને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે તેના મિત્રો રાહુલ અને વિજયને પણ શરીરે ઈજાઓ થઈ હતી. ત્રણેયને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

દરમિયાન ગંભીર રીતે ઘવાયેલા અમિત હમીરભાઈ સોલંકીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પંચ-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૯૪ મુજબ અકસ્માતે મોતનો બનાવ નોંધવામાં આવ્યો છે. બનાવ અંગે વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ કનુભાઈ જે. હુંબલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં કે વી રોડ પર મકાનનો જર્જરિત ભાગ તંત્રએ તોડી પડ્યો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરના કાશી વિશ્વનાથ રોડ ત્રણ દરવાજા નજીક આવેલ એક જર્જરીત દુકાનની ઉપર આવેલા મકાનનો ભાગ ડિમોલેશન કરવાની એસ્ટેટ શાખા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના અતિ ગીચ અને વાહનોથી ભરચક રહેતા આ વિસ્તારમાં કોઈ મોટી દુર્ઘટના ન બને તે માટે એસ્ટેટ શાખા દ્વારા અગમચેતીના ભાગરૂપે દુકાનની ઉપરનો ભાગ આજરોજ તોડી પાડવામાં આવ્યું હતો.

# બર્ધન ચોકમાં ફરી દેખાશો નહીં, હું સિંધી છું, બધાને ખોટા કેસમાં ફસાવી દઈશ

## જામ્યુકોની દબાણ હટાવ ટીમ સાથે વેપારી પિતા-પુત્રએ ફરજમાં રુકાવટ કરતા ગુનો નોંધાયો





જામનગર : જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા તહેવારને અનુલક્ષીને શહેરમાં દબાણ હટાવવાની કામગીરી ચાલી રહી હતી. દરમિયાન બર્ધન ચોક વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરી વખતે મનપાના સિક્યુરિટી ઓફિસર તથા એસ્ટેટ ઓફિસરનો ચાર્જ સંભાળતા કમલેશભાઈ ગઢવી સહિતના સ્ટાફ સાથે વેપારી રાજુ ઉર્ફે શાહરૂખ સીધી તથા તેના પુત્ર મનિષે બોલાચાલી કરી ગાળો આપી ફરજમાં રૂકાવટ કરી ધમકી આપી હોવાની ફરિયાદના આધારે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

ફરિયાદ મુજબ, બપોરના સમયે મનપાના દબાણ વિભાગના નિરીક્ષક યુવરાજસિંહ ઝાલા સહિતના સ્ટાફ તથા પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એમ.એન. રાઠોડની હાજરીમાં દરબારગઢ સર્કલથી બર્ધન ચોક તરફ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન જુમ્મા મસ્જિદ પાછળની શેરીમાં રાજુ ઉર્ફે શાહરૂખ સીધી પોતાની દુકાનની બહાર કપડાંનો પથારો તથા સામાન લટકાવી દબાણ કરી વેચાણ કરતો હોવાથી મનપાના કર્મચારીઓએ તેનો સામાન ટ્રેક્ટરમાં ચઢાવવાનું શરૂ કરતાં રાજુ તથા તેના પુત્ર મનિષે કર્મચારીઓ સાથે બોલાચાલી કરી ગાળો આપી માથાકૂટ કરી હતી.

બાદમાં અન્ય દુકાનેથી પણ દબાણરૂપે બહાર લટકાવેલા કપડાં હટાવવામાં આવતાં રાજુએ વિરોધ કર્યો હતો. આ અંગે હાજર પોલીસ અધિકારીએ દુકાનના માલિકને પૂછતાં રાજુ તેના કાકા થતા હોવાનું જણાવ્યું હતું. પોલીસે રાજુને સામાન અંગે કોઈ પ્રશ્ન હોય તો મનપામાં રૂબરૂ મળી લેખિત અરજી કરવા અને માથાકૂટ નહીં કરવા સમજાવ્યું હતું.

બાદમાં માંડવી ટાવરથી બર્ધન ચોક તરફ જતા રોડ પર ટ્રેક્ટર પાસે રાજુ ઉર્ફે શાહરૂખ સીધી તથા તેનો પુત્ર મનિષ ફરીથી આવ્યા હતા અને સામાન છોડાવવા બાબતે જાહેરમાં અપમાનિત કરવાના ઈરાદે અપશબ્દો બોલી માથાકૂટ કરી હતી. આ દરમિયાન રાજુએ મનપાના અધિકારીઓ અને કર્મચારીઓને "અહીં બર્ધન ચોકમાં ફરીવાર દેખાતા નહીં, હું સિંધી છું, કંઈક કરી નાખીશ, તમે બધાને ખોટા કેસમાં ફસાવી દઈશ" તેવી ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પોલીસે ફરિયાદના આધારે રાજુ ઉર્ફે શાહરૂખ સીધી તથા તેના પુત્ર મનિષ સામે સરકારી ફરજમાં રૂકાવટ, ગાળો-અપમાન તથા ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવના સાક્ષીઓ તેમજ સ્થળ પરના સીસીટીવી ફૂટેજના આધારે પણ તપાસ કરવામાં આવી રહી છે.

# જામનગરમાં મહિલા સંચાલિત જુગારના અખાડામાં ૮ મહિલા સહિત ૧૨ ઝડપાયા

### મહિલા નાલ ઉઘરાવતી હોવાનું સામે આવ્યું, રૂ.૨ લાખથી વધુનો મુદ્દામાલ કબજે

જામનગર : જામનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં મહાકાળી ફરસાણની બાજુમાં આવેલા મકાનમાં મહિલા દ્વારા સંચાલિત જુગારધામ ધમધમતું હોવાની બાતમીના આધારે સીટી સી ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં જુગાર રમતી ૮ મહિલા સહિત કુલ ૧૨ જુગારીઓ ઝડપાયા હતા.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના ગોકુલનગર-શોભાનગર સોસાયટીમાં મહાકાળી ફરસાણની દુકાન પાસે આવેલા મકાનમાં કાજલબેન રાજુભાઈ કેસરીયા મકવાણા નામની મહિલા દ્વારા નાલ ઉઘરાવી જુગાર રમાડવામાં આવતો હોવાની બાતમી મળતાં પોલીસ ટીમે દરોડો પાડ્યો હતો. જ્યાં ત્રણ પત્તીનો જુગાર રમતા કાજલબેન રાજુભાઈ કેસરીયા મકવાણા, દીપાલીબેન વિજયભાઈ બાંભણીયા, દિનુબેન ઉર્ફે ટીનુ ભરતભાઈ મકવાણા, કાંતિબેન ટીનાભાઈ, ઈશાબેન મહિપતસિંહ જાડેજા, માનકુવરબા જુવાનસિંહ જાડેજા, જોશનાબેન ભુપતભાઈ ગુજરાતી, અંજુબેન દીપકભાઈ રાઠોડ, વિજય વસંતપરી ગોસ્વામી, હરેન્દ્રસિંહ ચંદુભા ચુડાસમા, રવી વનરાજભાઈ પારેજીયા અને દેવશીભાઈ રમેશભાઈ લીમ્બડને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રકમ, ગંજીપત્તાના પાના, મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૨,૦૦,૬૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

# જી.જી. હોસ્પિટલમાં નવજાત બાળક ત્યજી દેવાયું



જામનગર : જામનગરની જી.જી. હોસ્પિટલના ગાયનેક વિભાગના PN3માં PPTL/FBની બંધ સીડી નજીક કોઈ પરિવાર દ્વારા નવજાત બાળકને ત્યજી દેવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે.

ગાયનેક વિભાગના સ્ટાફને બાળક મળી આવતા તાત્કાલિક ૧૧૨માં જાણ કરવામાં આવી હતી. જાણ થતાં જ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. બાળકને કોણ અને કયા સંજોગોમાં ત્યજી ગયું તે અંગે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. હોસ્પિટલ પરિસરમાં લાગેલા CCTV કેમેરાના આધારે પણ તપાસ કરવામાં આવે તેવી શક્યતા છે. અગાઉ પણ જી.જી. હોસ્પિટલના ગાયનેક વિભાગ નજીક નવજાત બાળક ત્યજી દેવાયાની ઘટનાઓ સામે આવી ચૂકી છે.

# જામનગરમાં બે સ્થળે વૃક્ષ ધરાશાયની દુર્ઘટનામાં પાર્ક કરેલી ત્રણ કારને નુકસાન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં ગઈકાલ ગુરુવારે વૃક્ષ ધરાશાયી થવાની બે અલગ-અલગ ઘટના બની હતી. નવા સર્કિટ હાઉસ સામે ટ્રેઝરી કચેરી પાસે પાર્ક કરાયેલી જી.એસ.ટી. અધિકારી રવિરાજસિંહ જાડેજાની કિયા સેલ્ટોસ કાર પર અચાનક ઝાડની વિશાળ ડાળી તૂટી પડતાં કારને નુકસાન થયું હતું. બનાવની જાણ થતાં જયદીપસિંહ નામના વ્યક્તિનો ફોન મળતાં તાત્કાલિક ફાયર શાખા ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને કરવતની મદદથી ઝાડની ડાળીઓ કાપીને કારને બહાર કાઢી હતી. સદનસીબે ઘટના સમયે કારમાં કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી જાનહાનિ ટળી હતી. કારનો નંબર જીજે-૩૬-એએલ-૪૫૦૦ હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત જામનગરના હિંગળાજ ચોક નજીક આવેલી આશાપુરા સોસાયટીના કોમન પ્લોટમાં પણ ગઈકાલે અચાનક એક વિશાળ વૃક્ષ ધરાશાયી થયું હતું. વૃક્ષ પડતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે વૃક્ષ કોમન પ્લોટમાં પડ્યું હોવાથી કોઈ વ્યક્તિને ઈજા થઈ નહોતી.

બનાવની જાણ થતાં સ્થાનિકો સ્થળ પર દોડી આવ્યા હતા. બંને ઘટનાઓમાં સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ વૃક્ષની ડાળીઓ પડવાથી બે (કાર) વાહનોને નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. જામનગર મહાનગરપાલિકાની ગાર્ડન શાખાની ટુકડીએ સ્થળ પર પહોંચી જઈ કરવતની મદદથી ઝાડની ડાળીઓ દૂર કરી હતી.

# સોયલ ટોલનાકા નજીક જીવંત વીજ વાયર રોડ પર ત્રાટકતાં અફરાતફરી

જામનગર : જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર સોયલ ટોલનાકા નજીક ધ્રાંગડા ગામના પાટિયા પાસે ૧૧ કેવીની વીજ લાઈનનો તાર અચાનક તૂટી રોડ પર પડતાં અફરાતફરી મચી ગઈ હતી. વીજ પ્રવાહ ચાલુ હોવા છતાં જીવંત વાયર રોડ પર પડ્યો હોવાથી વાહનચાલકોમાં ભય ફેલાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, જામનગર રાજકોટ ધોરીમાર્ગ પર ધ્રાંગડા ગામના પાટિયા પાસે ગઈકાલે બપોર પછી પીજીવીસીએલની ૧૧ કેવીની વીજ લાઈનનો વાયર તૂટી પડ્યો હતો. જીવંત વીજ વાયર રોડ પર પડતાં વાહનોની અવરજવર જોખમી બની હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિકોએ સમયસૂચકતા વાપરી તાત્કાલિક વાહનવ્યવહાર અટકાવી દીધો હતો. જેના કારણે માર્ગ પર ટ્રાફિક જામ સર્જાયો હતો અને વાહનચાલકોને અટવાવાની ફરજ પડી હતી.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, જીવલેણ બની શકે તેવી સ્થિતિ સર્જાઈ હોવા છતાં વીજ તંત્રના અધિકારીઓ આશરે એક કલાક સુધી સ્થળ પર પહોંચ્યા ન હતા. સ્થાનિકોએ સમયસર માર્ગ બંધ કરાવી વાહનવ્યવહાર અટકાવ્યો ન હોત તો મોટી જાનહાનિ સર્જાઈ શકતી હતી. ઘટનાને પગલે માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો. વીજ તંત્ર દ્વારા આવી જોખમી સ્થિતિમાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે અને રોડ પર તૂટેલા જીવંત વીજ તાર અંગે ઝડપી પ્રતિસાદ આપવામાં આવે તેવી સ્થાનિકોએ માંગ ઉઠાવી છે.

# દ્વારકાધીશજીને કુંડલા ભોગ મનોરથ



દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે પાવનકારી શ્રાવણ માસના પ્રારંભે ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. ગુરૂવારના કેસરી વાઘા સાથેના દૈદિપ્યમાન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતા

# જામજોધપુરમાં ભવ્ય તિરંગા યાત્રાએ સજર્યો દેશભક્તિનો માહોલ



જામનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશભરમાં તા.૯ થી તા.૧૭ ઓગસ્ટ દરમિયાન તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે કલેક્ટર પી.બી.પંડયાના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લાના તમામ તાલુકાઓમાં તથા જામનગર મહાનગરપાલિકા અને જિલ્લા કક્ષાએ કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યા છે.

ત્યારે જામજોધપુર તાલુકામાં ભવ્ય 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જામજોધપુર શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ તિરંગો લહેરાવી, દેશભક્તિના નારા લગાવતા સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયું હતું. તિરંગા યાત્રા દરમિયાન મહાનુભાવોની પ્રતિમાને ફુલહાર કરવામાં આવ્યા હતા.

તિરંગા યાત્રા નાના બસ સ્ટેન્ડથી શરૂ થઈ ગાંધીચોક, આઝાદ ચોક, લીમડા ચોક, હર્ષદ માતાજી મંદિર, બહુચરાજી મંદિર, પટેલ સમાજ રોડ, રેલવેસ્ટેશન રોડથી મામલતદાર કચેરીએ પૂર્ણ થઈ હતી. તિરંગા યાત્રા માત્ર એક કાર્યક્રમ નહીં, પરંતુ રાષ્ટ્રપ્રેમ, એકતા અને દેશના ગૌરવની અભિવ્યક્તિ છે. રાષ્ટ્રીય ધ્વજ તિરંગો આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન, સંઘર્ષ અને દેશની અખંડિતતાનું પ્રતિક છે. તિરંગા યાત્રા દ્વારા નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ મજબૂત બને છે તેમજ યુવા પેઢીને દેશના ગૌરવશાળી ઈતિહાસ અને રાષ્ટ્રીય મૂલ્યો સાથે જોડાવાની પ્રેરણા મળે છે. "હર ઘર તિરંગા" અભિયાનના માધ્યમથી દેશના દરેક નાગરિકને તિરંગા સાથે જોડવાનો અને રાષ્ટ્રગૌરવની ભાવનાને જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તિરંગા યાત્રામાં પૂર્વ કેબિનેટ મંત્રી ચીમનભાઈ સાપરીયા, ચિરાગભાઈ કાલરીયા, અધિકારીઓ, જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, હોમગાર્ડના જવાનો, નાગરિકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# જામનગર જિલ્લામાં રૂ. ૧૫ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનું વર્ચ્યુઅલ લોકાર્પણ અને ખાતમુહૂર્ત






જામનગર : ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા જામનગર જિલ્લામાં શિક્ષણ અને રમતગમતના માળખાને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ કરતા, રૂ. ૧૫ કરોડથી વધુના ખર્ચે આકાર પામેલા તથા નિર્માણ થનાર શૈક્ષણિક અને રમતગમત સુવિધાઓનું વર્ચ્યુઅલ માધ્યમથી લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, 'શક્તિદૂત ૨.૦' યોજના અંતર્ગત લાભાર્થી ખેલાડીઓની સંખ્યા ૬૪થી વધારીને ૫૦૦ કરવામાં આવી છે, જેમાં પ્રતિ ખેલાડી વાર્ષિક રૂ. ૫૦ લાખ સુધીની વિશ્વસ્તરીય ટ્રેનિંગ સહાય આપવામાં આવશે તેમજ દિવ્યાંગ રમતવીરો માટે ૫૦ બેઠકોનું અનામત રખાશે. ખેલાડીઓની ઈંજરી રિકવરી માટે રાજ્યમાં દેશનું નંબર-૧ સ્પોર્ટ્સ સાયન્સ અને મેડિસિન રિકવરી સેન્ટર ઊભું કરાશે. તેમણે રમતવીરોને નાણાકીય કે તાલીમની ચિંતા છોડી માત્ર જુસ્સાથી મહેનત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમ અંતર્ગત કાલાવડ તાલુકામાં રમતવીરોની પ્રતિભાને ખીલવવા માટે રૂ. ૧૦.૨૪ કરોડના ખર્ચે નિર્મિત અદ્યતન તાલુકા રમતગમત સંકુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ તૈયાર કરવા માટે ઈન્ડોર અને આઉટડોર રમતોની શ્રેષ્ઠ સુવિધાઓ ઊભી કરાઈ છે. ઈન્ડોરમાં મલ્ટીપર્પઝ હોલ, જીમનેશિયમ, ખો-ખો, કબડ્ડી, વોલીબોલ, બેડમિંટન કોર્ટ, શૂટિંગ રેન્જ અને ટેબલ ટેનિસ જેવી રમતો સાથે ચેન્જિંગ રૂમની વ્યવસ્થા છે. જ્યારે આઉટડોરમાં ૨૦૦ મીટર એથ્લેટિક ટ્રેક તથા વિવિધ રમતોની વધારાની કોર્ટ બનાવવામાં આવી છે. આ ઉપરાંત વહીવટી બ્લોક, સ્ટાફ રૂમ, કેન્ટીન, ગેસ્ટ રૂમ સહિત વીજળી, પાણી, ડ્રેનેજ, પાર્કિંગ અને ફાયર સેફ્ટી જેવી પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે, જે કાલાવડ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના યુવાનોને રાષ્ટ્રીય સ્તરે ચમકવા મજબૂત મંચ પૂરું પાડશે.

આ સાથે જ જામનગર શહેરના યુવાનો માટે રૂ. ૪.૫૦ કરોડના અંદાજિત ખર્ચે તૈયાર થનાર અદ્યતન ૫+૨ જિલ્લા કક્ષાના લાઈબ્રેરી સ્ટડી હોલનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આશરે ૪૫૩૧.૬૭ ચો.મી. પ્લોટ એરિયામાં નિર્માણ પામનાર આ લાઈબ્રેરીમાં એકસાથે ૨૫૬ વિદ્યાર્થીઓ બેસીને અભ્યાસ કરી શકશે. વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે અહીં ગ્રુપ સ્ટડી એરિયા, બુક સ્ટેક એરિયા, પર્સનલ અને સેલ્ફ સ્ટડી એરિયા તેમજ કમ્પ્યુટર લેબ જેવી આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. સુરક્ષા અને સગવડ માટે આર.ઓ. શુદ્ધ પીવાનું પાણી, દિવ્યાંગાનુકૂળ ટોયલેટ બ્લોક, સીસીટીવી કેમેરા, ફાયર ફાઈટીંગ અને પાર્કિંગની વ્યવસ્થા ઊભી કરાશે.

કાલાવડની હિરપરા કન્યા શાળા ખાતે યોજાયેલા સ્થાનિક કાર્યક્રમમાં ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા અને અગ્રણી ડૉ. વિનુભાઈ ભંડેરીએ પ્રાસંગિક ઉદબોધનમાં રાજ્ય સરકારની ખેલ અને શિક્ષણલક્ષી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

## ઝારખંડમાં વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરતા જામનગરમાં એબીવીપીનું વિરોધ પ્રદર્શન


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ઝારખંડમાં શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર ઝારખંડ પોલીસ દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જના વિરોધમાં જામનગરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ડીકેવી સર્કલ ખાતે વિરોધ પ્રદર્શન યોજાયું હતું. એબીવીપી કાર્યકરો અને વિદ્યાર્થીઓએ એકત્ર થઈ ઝારખંડ પોલીસની કાર્યવાહી સામે વિરોધ નોંધાવ્યો હતો. શાંતિપૂર્ણ રીતે પોતાના હકો માટે અવાજ ઉઠાવી રહેલા વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલી પોલીસ કાર્યવાહીને અયોગ્ય ગણાવી તેની સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ તકે જવાબદાર પોલીસ અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. ABVP જામનગરના નગર મંત્રી રાજવીર ગઢવી સહિતના કાર્યકરોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તથા છર્મ્ફના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## વિપશ્યના બાલ શિબિર

જામનગર : હાલાર વિપશ્યના કેન્દ્ર-જામનગર દ્વારા ૮થી ૧૮ વર્ષની વયના બાળકો માટે વિપશ્યના બાલ આનાપાન શિબિરનું આયોજન તા.૧૬-૮-૨૦૨૬ રવિવારના રોજ સવારના ૯-૩૦થી ૩-૩૦ દરમ્યાન કરવામાં આવેલ છે. આ શિબિરથી બાળકોના દષ્ટિકોણ, વ્યવહાર, અને મનોવૃતિમાં સકારાત્મક ફેરફારો જોવા મળે છે. તો ૮ થી ૧૮ વર્ષની વયના બાળકોને આ શિબિરમાં બેસવા માટે પ્રેરીત કરશો. રજીસ્ટેશન તા.૧૫-૮-૨૦૨૬ સુધીમાં કરવાનું રહેશે. સ્થળ- લીમડા લાઈન શેરી નં.૪, પૂજારા મોબાઈલ પાછળ, પ્રાઈમ ડીસ્ટીબ્યુટર કોમશીયલ કોમ્પ્લેક્સ, બીજો માળ, જામનગર, રજીસ્ટેશન માટે. મો. ૯૯૦૯૦ ૧૦૨૪૫, ૭૫૭૫૦ ૨૭૨૬૫ છે.

## ધ્રોલમાં રેન્જ આઈજીને 'ગાર્ડ ઓફ ઓનર' આપી સ્વાગત




ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય દ્વારા ધ્રોલ પોલીસ મથકની વાર્ષિક નિરીક્ષણ અર્થે મુલાકાત લેવામાં આવી હતી. તેમના આગમન સમયે ધ્રોલ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા શિસ્તબદ્ધ રીતે 'ગાર્ડ ઓફ ઓનર' આપીને તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન રેન્જ આઈજી નિર્લિપ્ત રાયે ધ્રોલ પોલીસ સ્ટેશનના દફતરી રેકોર્ડ, ક્રાઈમ રજિસ્ટર, મુદ્દામાલ તેમજ સમગ્ર વિસ્તારની વર્તમાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની ઝીણવટભરી ચકાસણી કરી હતી

આ વાર્ષિક નિરીક્ષણ વેળાએ જામનગર જિલ્લા પોલીસ વડા રવી મોહન સૈની, ગ્રામ્ય ડીવાયએસપી પિયુષ વાંદા, ધ્રોલ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી. રાઠોડ સહિત ધ્રોલ પોલીસ સ્ટેશનનો સમગ્ર સ્ટાફ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

## જામ્યુકો દ્વારા ૮૦ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંગે વિવિધ કાર્યક્રમનું આયોજન

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા આગામી ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય સરકાર તરફથી મળેલી સૂચનાઓ મુજબ જામનગર શહેર ના તમામ ઘરો,દુકાનો, ઉદ્યોગો,વેપારી ગૃહો, સરકારી અને ખાનગી કચેરીઓ વગેરે જગ્યાઓએ "હર ઘર તિરંગા" ના ભાગરૂપે સન્માનજનક રીતે રાષ્ટ્ર ધ્વજ લહેરાવવામાં આવે જેથી શહેરના નાગરિકોના હૃદયમાં રાષ્ટ્રધ્વજ અને દેશ પ્રત્યે ગર્વ તેમજ દેશભક્તિની ભાવના વધુ પ્રબળ બને.

જામનગર મહાનગરપાલિકા તથા જીલ્લા વહીવટી તંત્ર જામનગરના સંયુક્ત ઉપક્રમે એક વિશાળ "તિરંગા યાત્રા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ ભવ્ય તિરંગા યાત્રાનું આગામી તારીખ ૧૪ ઓગસ્ટના રોજ સાંજે ૫ કલાકે પ્રસ્થાન થશે. આ યાત્રા લખોટા તળાવ ગેટ નં.૧ થી શરૂ થઈને શ્યામજીકૃષ્ણ વર્મા પાસે, ભગવતી હોસ્પિટલ, લીલાશાહ ધર્મશાળા રોડ અને રૂપિયાના સિક્કા સર્કલ થઈને સરદાર પટેલની પ્રતિમા પાસે સંપન્ન થશે.

૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનના અવસરે મેયર ના હસ્તે શહેર કક્ષા નો મુખ્ય ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધ્વજવંદન સમારોહ ૧૫ ઓગસ્ટના રોજ સવારે ૯ કલાકે શહેરના વોર્ડ નં. ૩, મોમાઈ ગરબી ચોક, પટેલ કોલોની શેરી નં. ૬ માં યોજાશે


આ ઉપરાંત ૧૫ ઓગસ્ટના રોજ રાત્રે ૯:૩૦ કલાકે શહેરના એમ.પી. શાહ મ્યુનિસિપલ ટાઉનહોલમાં દેશભક્તિના ગીતોનો રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ તમામ કાર્યક્રમમાં શહેરની જનતાને બહોળા પ્રમાણમાં જોડાવા માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.તેમ આસી.કમિશનર (વ) જામનગર મહાનગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.

## રાણ ગામે મહાકાય મગરનું દિલધડક રેસ્ક્યુ



કલ્યાણપુર : કલ્યાણપુર તાલુકાના રાણ (લીબડી) વાડી વિસ્તાર ડેરાજભાઈ ગઢવીની વાડીમાં મગર આવી ચડ્યો હતો. જેની જાણ વાઈલ્ડ લાઈફ વોર્ડન અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભાટીયા જી. એન.માડમને જાણ કરતા રેન્જ સ્ટાફ પી.જી.નાંદાણીયા, બી.એમ. ચૌહાણ તથા પ્રેરણા ફાઉન્ડેશન સંચાલિત જીવદયા હોસ્પિટલ ગનેશગઢની ટીમ સાથે દોડી જય મગરનું રેસ્ક્યુ કર્યું હતું. ત્યાર બાદ તેને કુદરતી વાતાવરણમાં મુક્ત કરાયુ હતુ.

## જામનગરમાં રણમલ તળાવ પાસે ટ્રાન્સફોર્મરમાં આગની ઘટનાથી દોડધામ



જામનગર : જામનગર શહેરના વ્યસ્ત ગણાતા રણમલ તળાવ નજીક આવેલા લેકવ્યૂ એપાર્ટમેન્ટની બાજુમાં ઉભા કરાયેલા વિજ ટ્રાન્સફોર્મરમાં આજે સવારે આઠ વાગ્યે અચાનક આગ ભભૂકી ઊઠતાં ભારે દોડધામ મચી ગઈ હતી.

પ્રાથમિક વિગતો મુજબ ટ્રાન્સફોર્મરના ઉપરના ભાગમાં આવેલા વાયરમાં શોર્ટ સર્કિટ થતાં અચાનક આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ટ્રાન્સફોર્મરમાંથી આગની લપટો તેમજ ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. વ્યસ્ત વિસ્તારમાં બનેલી આ ઘટનાને પગલે આસપાસના રહેવાસીઓ, વેપારીઓ અને રાહદારીઓમાં ગભરાટ ફેલાયો હતો.

બનાવની જાણ થતાં જ જામનગર મહાનગરપાલિકાના ફાયર વિભાગની ટીમ તાત્કાલિક લાખોટા તળાવ પાસે પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ સૌપ્રથમ વીજ પુરવઠો બંધ કરાવ્યા બાદ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ ટ્રાન્સફોર્મરમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો.

## લાલપુર અને કોટડા બાવીસીમાં જુગાર રમતા આઠ શખ્સો ઝડપાયા, બે ફરાર

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તથા જામજોધપુર તાલુકાના કોટડા બાવીસી ગામેં પોલીસે જુગાર અંગે દરોડા પાડી કુલ આઠ શખ્સોને ઝડપી લીધા હતા. બંને સ્થળેથી કુલ રૂ.૧,૦૮,૫૨૦ની રોકડ અને અન્ય મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો, જ્યારે લાલપુરના દરોડામાં બે શખ્સો પોલીસને જોઈને ફરાર થઈ ગયા હતા.

લાલપુરના ખારાના તળાવ પાસે બાવળની ઝાડીમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી પોલીસે દરોડો પડ્યો હતો. જ્યાં જુગાર રમી રહેલ ભાવેશ નારણભાઈ કગથરા, જામસિંહ ભુપતસિંહ જાડેજા, કિશોર દાનાભાઈ ચાવડા અને દેવેન્દ્રગીરી રણછોડગીરી ગોસ્વામીને તીનપત્તીનો જુગાર રમતા મળી આવ્યા હતા. તેમની પાસેથી રૂ.૯,૯૦૦ તથા જુગારના પટમાંથી રૂ.૧૨૦ મળી કુલ રૂ.૧૦,૦૨૦ રોકડ અને ગંજીપાનાં કબજે કરવામાં આવ્યા હતા. આ પૈકી ભાવેશ કગથરા અને કિશોર ચાવડાની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ૭૨ વર્ષના દેવેન્દ્રગીરી ગોસ્વામીને વરિષ્ઠ નાગરિક હોવાથી નોટિસ આપવામાં આવી હતી. દરમિયાન વીપુલ નગાભાઈ જોગલ તથા નીલેશ નામનો એક શખ્સ પોલીસને જોઈને નાસી છૂટતા તેમને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જ્યારે જામજોધપુર તાલુકાના કોટડા બાવીસી ગામના તોરણીધાર નદીના કાંઠે તીનપત્તીનો જુગાર રમતા મહેન્દ્રભાઈ ઉર્ફે જીગો વિઠ્ઠલભાઈ વરાણીયા, રાજેશભાઈ ખીમજીભાઈ જોશી, પ્રવીણભાઈ કારાભાઈ શિલુ, અજયભાઈ લાલજીભાઈ દવે, અશ્વિનભાઈ જમનભાઈ કણસાગરા અને અજયભાઈ મુકેશભાઈ પંચાસરા સહિત છ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી રૂ.૧૩,૫૦૦ રોકડ, તીનપત્તીના ગંજીપત્તા તથા રૂ.૮૫,૦૦૦ની રોયલ એનફિલ્ડ ક્લાસિક-૩૫૦ મોટરસાઈકલ મળી કુલ રૂ.૯૮,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

### દ્વારકા જિલ્લામાં નહિંવત વરસાદની સ્થિતિ સર્જાતા

## ઓખામંડળ તાલુકા ભારતીય કિસાન સંઘ દ્વારા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા આવેદનપત્ર



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાલુ વરસાદની સીઝનમાં નહિંવત વરસાદની સ્થિતિ હોય તેમાં પણ ઓખામંડળ તાલુકામાં તો માત્ર અડધા ઈંચ આસપાસ જ વરસાદની સ્થિતિ હોય ભારતીય કિસાન સંઘ ઓખામંડળ તાલુકા દ્વારા ગઈકાલે દ્વારકા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગ કરી છે.

આવેદનપત્રમાં જણાવ્યાનુસાર જિલ્લામાં નહિંવત વરસાદની સ્થિતિ હોય ઘણા ખેડૂતો વાવણી પણ કરી શકયા નથી. જેથી આ વર્ષે સરકાર દ્વારા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે, પશુઓ માટે પૂરાતા પ્રમાણમાં ઘાસડેપો શરૂ કરાય, ખેડૂતોનું ચાલુ વર્ષનું પાકધિરાણ માફ કરવામાં આવે તેમજ પશુઓ તેમજ લોકો માટે પીવાના પપીણની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

# ધ્રોલમાં શહેર-તાલુકા કક્ષાની 'તિરંગા યાત્રા' યોજાઈ




ધ્રોલ(સંજય ડાંગર) : સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે ધ્રોલ તાલુકા વહીવટી તંત્ર તથા ધ્રોલ નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે સમગ્ર ધ્રોલ શહેર અને તાલુકા કક્ષાની વિશાળ 'તિરંગા યાત્રા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ધ્રોલ પોલીસ ચોકીથી શરૂ થઈ આ યાત્રા મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ગાંધી ચોક અને ત્યાંથી ત્રિકોણ બાગ પહોંચીને સંપન્ન થઈ હતી.

આ યાત્રા દરમિયાન સમગ્ર માર્ગ પર રાષ્ટ્રધ્વજ લહેરાવાની સાથે "ભારત માતા કી જય" અને "વંદે માતરમ"ના ગગનભેદી નારાઓ ગુંજી ઊઠ્યા હતા. ચારેય તરફ ગુંજતા દેશભક્તિના ગીતોથી સમગ્ર ધ્રોલ નગર અને આસપાસનો તાલુકા પંથક રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈ ગયો હતો.

આ દેશભક્તિસભર કાર્યક્રમમાં જામનગર જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન ડી.ડી. જીવાણી, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જામનગર જિલ્લા ભાજપ પ્રમુખ વિનુભાઈ ભંડેરી, ભરતભાઈ દલસાણીયા જામનગર જિલ્લા ભાજપ મહામંત્રી, ધ્રોલ શહેર ભાજપ પ્રમુખ હિરેનભાઈ કોટેચા, ધ્રોલ તાલુકા પ્રમુખ પ્રદિપસિંહ જાડેજા, ધ્રોલ નગરપાલિકા પ્રમુખ વિનુભાઈ વાઘેલા, લતીપર જિલ્લા પંચાયત સદસ્ય કલ્પેશ માલાણી, ધ્રોલ તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણભાઈ લીબાસીયા, તથા નગરપાલિકા કારોબારી અધ્યક્ષ સુરેશભાઈ ગોસાઈ, જામનગર જિલ્લા ઉપ પ્રમુખ ડી.ડી જીવાણી, જયેન્દ્ર મુંગરા, નગરપાલિકા કાઉન્સિલર, સહિત સ્થાનિક રાજકીય અને સામાજિક અગ્રણીઓ તથા ભાજપના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ તાલુકા કક્ષાની તિરંગા યાત્રાનું સફળ આયોજન ધ્રોલ મામલતદાર ધ્રોલ નગરપાલિકાના ચીફ ઓફિસર ગીરીશ સરૈયા, ધ્રોલ તાલુકા વિકાસ અધિકારી એસ. જે. કેરાળીયા તથા તાલુકા વહીવટી તંત્ર દ્વારા સુચારૂ રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વહીવટી તંત્રના અધિકારીઓ, પોલીસ કાફલો, પત્રકાર મિત્રો તેમજ ધ્રોલ શહેર અને તાલુકામાંથી બહોળી સંખ્યામાં પધારેલા નગરજનોએ ઉત્સાહભેર જોડાઈને આયોજનને ઐતિહાસિક અને સફળ બનાવ્યું હતું.

## જામનગરમાં એડવાન્સ આપેલ બાકી રકમ માંગતા ભાડુઆતને જાનથી મારી નાખવાની ધમકી

જામનગર : જામનગરમાં મકાનમાલિક અને ભાડુઆત વચ્ચે એડવાન્સ ભાડાની રકમમાંથી બાકી નીકળતા રૂપિયા પરત આપવા મુદ્દે ફોન પર બોલાચાલી થયા બાદ ભાડુઆતને ગાળો આપી જાતિ પ્રત્યે અપમાનિત કરવા ઉપરાંત જામનગરમાં રહેવા નહીં દેવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરના હર્ષદમીલની ચાલી, નીલકંઠનગર વિસ્તારમાં રહેતા સંજયભાઈ નાનજીભાઈ વાઘેલા (૩૫)એ નંદનવન પાર્ક વિસ્તારમાં મીલનભાઈ આશરનું મકાન ભાડે રાખ્યું હતું. તે સમયે મકાનમાલિકને રૂ.૧૦ હજાર એડવાન્સ આપ્યા હતા, જેમાં રૂ.૫ હજાર રોકડા અને રૂ.૫ હજાર ગૂગલ પેથી ચૂકવ્યા હતા. મકાનનું માસિક ભાડું રૂ.૫૫૦૦ નક્કી થયું હતું. ત્યારબાદ તા.૨૨ જુલાઈના રોજ મકાન ખાલી કરીને અન્યત્ર રહેવા ગયા હતા.

છેલ્લા મહિનાનું ભાડું ચૂકવવાનું બાકી હોવાથી એડવાન્સની રૂ.૧૦ હજારની રકમમાંથી ભાડું કાપી બાકી રહેતા રૂ.૪૫૦૦ પરત આપવા મીલનભાઈ આશરને ફોન કરવામાં આવ્યો હતો. આ દરમિયાન મીલનભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને ફોન પર જેમ ફાવે તેમ ગાળો આપી જાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો બોલ્યા હતા.

આ વાતચીત દરમિયાન મીલનભાઈના ભાઈ ધવલભાઈ આશર પણ ફોન પર જોડાયા હતા અને તેમણે પણ ગાળો આપી હતી. વધુમાં મીલનભાઈ આશરે સંજયભાઈને 'જામનગરમાં નહીં રહેવા દઉં' તેમજ તેમના અને તેમની માતાના માર-ટાંટિયા ભાંગી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. આ મામલે સંજયભાઈ વાઘેલાએ મીલનભાઈ આશર અને ધવલભાઈ આશર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

